# શહેરમાં કોરોનાના વધુ બે કેસ નોંધાયા

## બન્ને મહિલા દર્દી : હવે શહેરમાં કોરોના પોઝિટિવના કુલ ૩ કેસ થયા : શહેરમાં ૪૩૦ થી વધુ લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ છે : ૧૦ લોકો સરકાર દ્વારા ઉભી કરાયેલ સેન્ટર વ્યવસ્થામાં ક્વોરોન્ટાઈન હેઠળ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં આજે વધુ બે કેસ કોરોના પોઝીટીવના આવતાં જ શહેરભરમાં સન્નાટો છવાઈ જવા સાથે આરોગ્યતંત્રની દોડધામ વધી જવા પામી છે. રાજ્ય સરકારે પણ ગંભીરતાને ધ્યાને રાખી ગાંધીનગરને લોકડાઉન કેટેગરીમાં મુકી દીધુ છે.

આજે જે બે કેસ પોઝીટીવ આવ્યા છે તે બન્ને મહિલા દર્દી છે. આરોગ્યતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે એક ૨૬ વર્ષીય મહિલા દુબઈથી પરત ફરી છે. જ્યારે ૮૦ વર્ષીય મહિલા લોકલ ટ્રાન્સમીશનથી આ રોગમાં સપડાયેલ છે.

સે. ૨૯ ના યુવક જે પહેલા પોઝીટીવ જણાયો હતો તે જ પરિવારના આ બન્ને સભ્યો છે. તંત્ર દ્વારા આ વિસ્તારમાં સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરવાની સાથે દવા છંટકાવની પણ કામગીરી હાથ ધરી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાએ ગઈકાલે શટડાઉન જાહેર કર્યા બાદ આજે રાજ્ય સરકારે લોકડાઉન કેટેગરીમાં ગાંધીનગરનો સમાવેશ કર્યો છે. સરકારના આદેશ મુજબ હાલ ૨૫ મી માર્ચ સુધી ગાંધીનગર જિલ્લામાં લોકડાઉન અમલી રહેશે.

ગાંધીનગર શહેરમાં બે કેસ વધુ પોઝીટીવ મળતાં જિલ્લાતંત્રએ પણ તેની કામગીરી સઘન બનાવી દીધી છે. બીજી તરફ મનપા દ્વારા સે. ૧૫ માં ખાસ બનાવાયેલ ક્વોરોન્ટાઈલ ફેસીલીટી સેન્ટરમાં પાંચ વ્યક્તીઓને રાખી દીધા છે. આ ઉપરાંત કોબા પ્રેક્ષા ભારતી ખાતે ક્વોરોન્ટાઈલ ફેસીલીટી સેન્ટરમાં વધુ એક કોન્ટેક્ટ પર્સનને જિલ્લાતંત્રએ મોકલી આપેલ છે.

આ બન્ને ફેસીલીટી સેન્ટર ખાતે ડૉક્ટરોની ટીમ દ્વારા બે ટાઈમ તેમની તપાસ કરવામાં આવી રહી છે.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં હાલ ૩૫૬ લોકો હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ છે. આરોગ્યતંત્રએ સર્વેલન્સ માટે ૨૦૦ જેટલી ટીમો કામે લગાડી છે. જેમાં યાત્રીઓના ૭૫૬ જેટલી સંપર્ક વ્યક્તીઓને ટ્રેસ પણ કરી લીધી છે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે ૬ યાત્રીઓમાં સામાન્ય લક્ષણો જણાતાં તેમના નમુના પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા હતા જે બધાજ નેગેટીવ આવતાં તંત્રએ આંશિક હાશકારો અનુભવ્યો છે. જો કે આજથી હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી પણ સઘન બનાવવામાં આવી છે. તંત્રએ હોમ ક્વોરોન્ટાઈલનુ પાલન ન કરનારા સામે પોલીસ કાર્યવાહી કરવા માટેનું મન પણ બનાવી લીધુ છે. ગાંધીનગર શહેરમાં અત્યાર સુધીમાં ૪૩૦ થી વધુ પ્રવાસીઓ વિદેશથી પરત ફરેલા છે અને તે બધા જ હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ હોવાનું મનપાના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મનપા દ્વારા પણ આવેલા આ યાત્રીઓના કોન્ટેક્ટ પર્સનને ટ્રેસઆઉસ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને એકાદ દિવસમાં આ કામગીરી સંપન્ન થઈ જશે તેમ જાણવા મળેલ છે.

આજે સમગ્ર શહેરમાં બે કેસ પોઝીટીવની વાત પ્રસરતાં જ શહેરભરમાં સન્નાટો વધુ ભેંકાર ભાસતો હતો.

### જિલ્લાની કચેરીઓ અને ક્વોરોન્ટાઈલ ફેસીલીટી સેન્ટરો પર ફોગીંગ કરાયુ

ગાંધીનગર જિલ્લા પંચાયતની કચેરીમાં ફોગીંગ કરાયા બાદ આજે જિલ્લા કલેક્ટર કચેરી, કોર્ટ સંકુલ, ગાંધીનગર મનપાની કચેરીનું સંકુલ તેમજ ક્વોરોન્ટાઈલ ફેસીલીટી સેન્ટરો જે ઉભા કરવામાં આવ્યા છે તેમાં ફોગીંગ કરવામાં આવ્યુ હતુ. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે માઉન્ટેડ ફોગીંગ વાહનોની સુવિધા ધરાવતા નગરોમાં ફોગીંગ માટે સૂચના આપી હતી.

તંત્ર દ્વારા આજે જિલ્લાની આ મહત્વની કચેરીઓમાં ફોગીંગ કરી દેવાઈ છે.

### ગાંધીનગરમાં પણ લોકડાઉન જાહેર

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં ૩ કેસ કોરોના વાયરસના પોઝીટીવ જણાતાં રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ શહેર સહિતના જિલ્લામાં ૨૫ મી માર્ચ સુધી લોકડાઉન જાહેર કરવાનો નિર્ણય કરેલ છે.



આ નિર્ણયને પગલે હવે મેડીકલ સ્ટોર્સ, કરિયાણાની દુકાનો તેમજ શાકભાજીની દુકાનો જ ખુલ્લી રહેશે.

દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા અગત્યની સૂચનાઓ જારી કરવામાં આવી છે જેમાં ગુજરાત રાજ્યમાં મુસાફરોની હેરફેર માટે વપરાતી બસો, ટેક્ષી, મેક્ષી પર કોરોના સંક્રમણની સંભાવનાને કારણે ૨૫-૩-૨૦૨૦ સુધી જાહેર હિતમાં પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

ગાંધીનગર ખાતે સરકારી કર્મચારીઓને લાવવા-લઈ જવા વપરાતી જીએસઆરટીસી દ્વારા સંચાલિત પોઈંટ બસોની સેવાનો આ પ્રતિબંધમાં સમાવેશ થતો નથી. આ સેવા નીયમિત રીતે ચાલુ છે.

આ પ્રતિબંધમાં અંગત વપરાશના વાહનો, માલવાહક વાહનો, આવશ્યક તથા ઈમરજન્સી હેતુ માટે વપરાતા વાહનો તથા સરકારી ફરજના હેતુ માટે વપરાતા વાહનોનો પણ સમાવેશ થતો નથી.

બીજી તરફ ગાંધીનગર મનપાના મેયર રીટાબેન પટેલ, સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા અને પ્રવિણ પટેલે પણ લોકડાઉન દરમ્યાન સૌને સહયોગ આપવા અપીલ કરી છે.

### શહેરમાં માસ્ક અને સેનીટાઈઝરની તંગી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં માસ્ક અને સેનીટાઈઝરની તંગી ઉભી થવા પામી છે. બીજી તરફ સ્વસ્થ વ્યક્તીઓએ માસ્ક પહેરવાની જરૂરિયાત નથી તેવી સ્પષ્ટતાઓ પણ જારી કરી છે. જો કે ગાંધીનગરના કેમીસ્ટો પાસે ખરીદનારાઓ વધી ગયા છે પરંતુ માસ્ક બજારમાં જ ઉપલબ્ધ ન હોવાથી તેઓ તેનુ વેચાણ કરતા નથી. ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા ૧૦ હજાર માસ્કની તાજેતરમાં જ ખરીદી કરવામાં આવી છે. સરકાર દ્વારા માસ્કની ઉપલબ્ધિ ટૂંકમાં કરાવાશે તેવી વાતો વહેતી થઈ છે પરંતુ હાલ બજારમાં માસ્ક નથી.

# ક્વોરન્ટાઈનનો ભંગ કરનારા સામે અટકાયતી કાર્યવાહી થશે

**લોકોને કોરોના વાઇરસનો ચેપ નહીં લાગે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા વધુ કડકાઇપૂર્વકના નિર્ણયો લેવાઇ રહ્યા છે : ગાંધીનગરમાં ૪૩૦ અને અમદાવાદમાં હોમ ક્વોરન્ટાઇનના ૬૫૦થી વધુ કેસો**

અમદાવાદ,તા.૨૨

અમદાવાદ, સુરત, વડોદરા, ગાંધીનગર સહિત રાજયભરમાં પોતાના ઘરોમાં ક્વોરન્ટાઈન રખાયેલા પૈકીના ઘણી વ્યકિતઓ દ્વારા ક્વોરન્ટાઈન નિયમોનો ભંગ કરી કોરોના વાઈરસના ચેપના ફેલાવવાની દહેશત વધારતાં ગુજરાત સરકારે આ સમગ્ર બાબતની ગંભીર નોંધ લીધી છે અને સમાજમાં તેમ જ જાહેરજીવનમાં કોરોનાની અસર વધુ ના ફેલાય તે હેતુથી આકરા નિર્ણયના ભાગરૂપે હવે ક્વોરન્ટાઈન નિયમોનો ભંગ કરનાર વ્યકિતની ધરપકડ કરવાની સરકારે બહુ મહત્વની જાહેરાત કરી છે. રાજયના નાયબ મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રી એવા નીતિન પટેલે જણાવ્યું હતું કે, રાજયમાં અમદાવાદ સહિત વિવિધ શહેરોમાં વિદેશથી કુલ સાડા છ હજારથી વધુ વ્યકિતઓ આવ્યા હતા. જેમાં ઘણાને તેમના ઘરો-નિવાસસ્થાનોમાં કે સરકારી ક્વોરન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા હતા. પરંતુ સરકારના ધ્યાન પર આવ્યું છે કે, વિદેશથી જે લોકો આવ્યા હતા અને પોતાના ઘરોમાં ક્વોરન્ટાઈન હેઠળ હતા તેમાંથી ૯૩ વ્યકિતઓને ક્વોરન્ટાઈનનો ભંગ કર્યો છે, તેના કારણે પરિસ્થિતિ વધુ બગડવાની દહેશત ઉભી થઈ છે.

# ગાંધીનગરમાં ગૂંજ્યો ધન્યવાદનો નાદ

## શહેરીજનોએ પરિવાર સહિત તાળીઓ-થાળીઓ-ઘંટડીઓ-સંખ-ઢોલ-પીપૂંડા વગાડી આભાર વ્યક્ત કર્યો : દિવસ દરમ્યાન ઘરમાં પુરાઈ રહેલા નાગરિકોએ સાંજે જાણે ઉત્સવ ઉજવ્યો : કેટલેક ઠેકાણે આંખ ભિંજાય તેવા દૃશ્યો સર્જાયા
















ગાંધીનગર, તા. ૨૨

છેલ્લાં બે-ત્રણ માસથી અને ખાસ કરીને માર્ચ માસમાં દેશભરમાં વકરેલા કોરોનાના કહેરને પગલે થોડા દિવસ પૂર્વે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આ વૈશ્વિક મહામારી સામે લડવા દેશના નાગરિકોને રવિવારે જનતા કરફ્યુ પાળવા આહવાન કર્યુ હતુ. ગાંધીનગરમાં આજે વડાપ્રધાનના આ આહવાનને પગલે શહેરીજનોએ જડબેસલાક જનતા કરફ્યુ તો પાળ્યો હતો, તે સાથે સાંજે પાંચ વાગે દરેક સહેરીજનોએ પોતાના ઘરના દરવાજે, આગાસી, ગેલેરી કે ધાબા પર પરિવાર સહિત ઉભા રહી કોરોનાની કટોકટીમાં સેવા આપી રહેલા તબીબો, પોલીસ, સ્વચ્છતા કર્મીઓ તથા પ્રેસ-મિડીયા કર્મીઓના અભિવાદન માટે તાળીઓ, થાળી, સંખ, ઢોલ, ઘંટડી વગેરે દ્વારા ''આભારનાદ'' થકી પાટનગરને ગૂંજતુ કરી દીધુ હતુ. સમગ્ર શહેરમાં ગૂંજી રહેલા આભાર નાદ દરમ્યાન કેટલેક ઠેકાણે તો આંખના ખૂણા ભીના થઈ જાય તેવા અદ્‌ભૂત દશ્યો સર્જાયા હતા અને સૌ કોઈ આજે કોરોના સામેની લડતમાં રાષ્ટ્રહિત ખાતર એકબીજા સાથે સંગઠિત થઈને ઉભા છે તેની પ્રતિતિ કરાવી હતી. શહેરમાં આશરે પોણા પાંચ વાગ્યાથી જ વસાહતોમાં તાળીઓ અને થાળીઓના નાદ ગૂંજવા લાગ્યાં હતા. થોડીવારમાં તો લગભગ તમામ રહીશો પોતાના ઘરના દરવાજે કે ડેલીએ, ગેલેરીમાં કે અગાશીમાં ચઢી જઈને આ નાદ ગૂંજનમાં જોડાઈ ગયાં હતા. તાળીઓ-થાળીઓના નાદ વચ્ચે ઘરના મંદિરોમાં વપરાતી ઘંટડીઓ પણ વાગવા લાગી હતી અને શંખનાદ પણ થવા લાગ્યાં હતા. નાના બાળકો પોતાના રમકડાંના પીપુંડા, ઢોલ તથા ખંજરીઓ વગાડી આભાર નાદમાં જોડાઈ ગયાં હતા. દરેક નાગરિકો પોતાના પરિવારો અને પડોસીઓ સાથે મળીને જે રીતે ઉત્સાહપૂર્વક કોરોના વાઈરસને ભગાડવા અને સેવાકર્મીઓનો આભાર માનવા નાદ ગૂંજન કરી રહ્યાં હતા તે જોઈને વાઈબ્રન્ટ ગુજરાતનું પેલુ સુત્ર સાર્થક થતુ જણાઈ આવતુ હતુ જેમાં કહ્યું હતું કે ''વાઈબ્રન્ટ ગુજરાત-જ્યાં જીવન એક ઉત્સવ છે'' આખા દિવસ દરમ્યાન જનતા કરફ્યુમાં ઘરમાં જ પુરાઈ રહેલાં નાગરિકોએ જાણે સાંજ પડતા જ કોરોના સામેની લડતમાં વિજયની શરૂઆતનો ઉત્સવ માની ઉજવ્યો હતો. કેટલાકે તો રીતસર ફટાકડાં પણ ફોડ્યાં હતા.

### સોશ્યલ મિડીયા પર પણ અભિવાદન નાદ છવાયો

**ગાંધીનગરના નાગરિકોએ પોતાની સોસાયટીઓમાં, સેક્ટરોના ચોકઠાંમાં કે વસાહતોમાં આજે અભિવાદન નાદ ગજવ્યો હતો અને તેના વિડીયોઝ સોશ્યલ મિડીયા પર લાઈવ કર્યા હતા. આમ તો વડાપ્રધાને માત્ર પાંચ મિનિટ માટે અભિવાદન નાદ કરવા આહવાન કર્યુ હતુ પરંતુ શહેરીજનોએ તો સતત ૧૫ થી ૩૦ મિનિટ સુધી સતત આભારનાદ ગજવી પોતાની પ્રતિબદ્ધતા દેખાડી હતી.**



Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com